# ત્રણ તાલુકાની નારણપુર બસ અન્ય રૂટ પર મોકલાતા મુસાફરોમાં હાલાકી : તંત્ર બેજવાબદાર

મોડાસા, તા. ૧૮

મોડાસા ડેપોમાંથી બપોરના ૧૪ કલાકે ઉપડીને મેઘરજ થઈ પાંચાલ-ઈટવા-રેલ્લાવાડા-ખાખરીયા-ઈસરી-ઝાંઝરીની નાળ-વાઘપુર થઈ ૧૬.૩૦ વાગે શામળાજી પહોંચી પરત મેઘરજ આવીને શણગાલ થઈ રાત્રી રોકાણ નારણપુર કરતી મોડાસા-મેઘરજ અને ભિલોડા તાલુકાના અંતિરયાળ ગામોમાં ફરતી ખૂબજ ઉપયોગી બસને જાણે ગ્રહણ લાગ્યુ હોય તેમ સરકારના કાર્યક્રમોમાં પણ નારણપુરની બસ મોકલવામાં આવે છે. વળી હમણાં હમણા મોડાસા ડેપો મેનેજરની કે એટીઆઈની સૂચનાથી મોડાસાથી જ કહેવામાં આવે છે કે મેઘરજથી નારણપુર ન જતા ઢેંકવા જવાનુ છે.



મેઘરજ ખાતે પાસના વિદ્યાર્થીઓ-બહેનો અન્ય ખેડૂતવર્ગ નોકરીયાતવર્ગ વગેરે ૧૫.૩૦ વાગ્યા સુધી રાહ જોઈને સ્ટેન્ડે બેઠા હોય છે. અહીં કંટ્રોલરને પૂછતાં તે જણાવે છે કે બસ આવી નથી. આવશે પરંતુ બસ આવીને ઢેંકવા જતી રહી હોય છે. આમ વારંવાર આ બસને ઢેંકવા મોકલી મુસાફરો વધારે હોવાથી રાહત આપવામાં આવે છે જે આનંદની વાત છે પરંતુ વારંવાર બસ નારણપુર થઈને શામળાજી ન જાય તો મુસાફરો રખડી પડે. ખાનગી જીપો રેલ્લાવાડા સુધી જાય પછી મુસાફરોની શી દશા. આવુ વારંવાર થાય ત્યારે મુસાફરો સમજી જાય કે હવે બસ બંધ થઈ ગઈ છે. આવવાની નથી જેથી રાહ જોવાની જરૂર નથી. પાસવાળી બહેનો-ભાઈઓને ઉછીના પૈસા લઈને ખૂબ મોડા જીવના જોખમે ઘેર જવુ પડે છે. મોડાસા ડેપો મેનેજર અને એટીઆઈને ઢેંકવા પ્રત્યે વધારે પ્રેમભાવ હોય તો અન્ય સ્પેશ્યલ બસ ફાળવે. બાકી નારણપુરની બસનો રૂટ બદલીને ઢેંકવા હવે પછી મોકલવામાં ન આવે તેવી પહાડીયા-પંચાલ- વાંકાખાડા- ઈંટવા - બીટી છાપરા-રેલ્લાવાડા-તરકવાડા-ખાખરીયા-પાણીબાર, નારણપુર-ઝાંઝરી - વાઘપુર- શામળાજીના આગેવાનોની લાગણી છે. જો જનતાને હેરાન કરવામાં મનસ્વી વર્તન થશે તો રાજ્યના વાહનવ્યવહાર મંત્રીને જણાવવામાં આવશે તેવુ પ્રજાનું મંતવ્ય છે.

# હિંમતનગર સાયન્સ કોલેજના વહીવટી કર્મચારીઓને બઢતી આપવા માંગ

હિંમતનગર, તા. ૧૮

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત હિંમતનગર સાયન્સ કોલેજમાં વર્ષોથી વહીવટી કામગીરી સંભાળતા કર્મચારીઓને સરકાર દ્વારા બઢતીના લાભથી વંચિત રાખવામાં આવ્યા હોવાને કારણે આ કર્મચારીઓ વતી વહીવટી કર્મચારી મંડળના સભ્યએ તાજેતરમાં રાજયના શિક્ષણમંત્રીને લેખિત રજુઆત કરી બઢતીનો લાભ આપવા માંગ કરી છે.

આ અંગે હિંમતનગર સાયન્સ કોલેજના બઢતીથી વંચિત કર્મચારીઓ તથા ગુજરાત રાજ્ય કોલેજીસ વહીવટી કર્મચારી મંડળના કારોબારી સભ્ય નીતિન સાધુના જણાવ્યા મુજબ હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત સાયન્સ કોલેજમાં કર્મચારીઓને બઢતીથી વંચિત રાખી અન્યાય કરવામાં આવી રહ્યો છે. જે તે સમયે તે અંગે સંયુક્ત શિક્ષણ નિયામકને લેખિત અને મૌખિક રજુઆત પણ કરવામાં આવી હતી. જોકે કેળવણી મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ત્રણ વહીવટી કર્મચારીઓને વર્ષ ૨૦૧૬માં બઢતીનો લાભ આપેલ છે.

વર્ષોથી સાયન્સ કોલેજમાં ફરજ બજાવતા કેટલાક વહીવટી કર્મચારીઓને નોકરીના ૨૪ વર્ષ પુરા થયા હોવા છતાં બઢતી ન મળવાને કારણે તેમના પગાર સ્કેલમાં વધારો થયો નથી. જેથી શિક્ષણમંત્રીએ આ અંગે ઘટતી કાર્યવાહી કરીને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેબલ કોલેજોના બઢતી પાત્ર કર્મચારીઓને લાભ આપવો જોઈએ.



## ૨૪ કલાક બાદ કેનાલમાંથી મૃતદેહ મળ્યો

કપડવંજ તાલુકાના દાણા ગામનો પરમાર પરિવાર બોરડી ખાતે મરણ પ્રસંગમાં બેસવા માટે જતા હતો. તે દરમાન્ય બાયડ તાલુકાના ફાટા ધીરપુરા ગામ નજીક આવેલ સુઝલામ સુફલામ કેનાલમાં રીક્ષામાં બેઠેલા પાંચ સભ્યો ભરેલી રીક્ષા કેનાલમાં ખાબકતા ચાર સભ્યોને સ્થાનિક તરવૈયા દ્વારા બચાવી લેવામાં આવ્યા હતા. પણ તેમાં સાત વર્ષનો આયુષ પરમાર કેનાલના પાણીમાં ડૂબી જતા તંત્ર દ્વારા આયુષને શોધવા માટે રેસ્ક્યુ ટીમ બોલાવી હતી. રેસ્ક્યુ ટીમ દ્વારા ૨૪ કલાક આયુષની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ઘટનાસ્થળે મામલતદાર અને બાયડ-સાઠંબા પોલીસ ૨૪ કલાક હાજર રહ્યા હતા. ત્યારે તા.૧૭-૧-૨૦૧૮ના બુધવારે આશરે ૧૨.૩૦ કલાકે કેનાલમાંથી સ્થાનિક અને ફાયર ફાઈટરના તરવૈયાઓએ ભારે જહેમત બાદ આયુંષનો મૃતદેહ શોધવા માટે કવાયત હાથ ધરી હતી. કેનાલમાં પાણી ઓછું થતા કેનાલના ભોયતળીયે માટીની નીચે આયુષનો મૃતદેહ દટાઈ ગયેલી હાલતમાં મળ્યો હતો. ત્યારબાદ પોલીસ દ્વારા બાયડ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષની લાશને પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવી હતી.આયુષનો મૃતદેહ મળતાની સાથે દાણા ગામમાં શોકમય વાતાવરણ બની ગયું હતું.

# આઝાદી પછી પણ મેઘરજ તાલુકાનુ ધોળાપાણા ગામ બસથી વંચિત

મેઘરજ, તા. ૧૮

મેઘરજ તાલુકામાં રેલ્લાવાડા પંચાયતનું ૧૦૦ ટકા આદિવાસી વસ્તી ધરાવતુ ધોળાપાણા ગામ આઝાદીના ૭૦ વર્ષે પણ બસ ગામમાં આવી નથી. ગામમાં રોડ છે. ગામની વસ્તી ત્રણ હજારની છે. શિક્ષિત સમાજ છે. અહીં મેઘરજથી બસ પહાડીયા, પંચાલ, ઢુંઢેરા થઈ ધોળાપાણા થઈને રેલ્લાવાડા જાય તે માટે ગામના આગેવાન કનુભાઈ તરાળ, રમણલાલ, સરલાબેન, કાલીદાસ બરંડા, જીવાભાઈ, ડાહ્યાભાઈ અને અન્ય આગેવાનોએ મોડાસા ડેપો, હિંમતનગર ડીવીઝનમાં અરજી કરીને મેઘરજથી ધોળાપાણા થઈ રેલ્લાવાડા જાય અને રેલ્લાવાડાથી પરત જાય તેવી સેવા બસની માંગણી કરી છે.

આઝાદીના ૭૦ વર્ષે પણ આદીવાસી વિસ્તારની જનતાને તાલુકા મથકે જવા બસની સગવડ ન હોવાથી વિદ્યાર્થીઓ-કારીગરો, મજૂરો વગેરેની દશા કેવી હશે તેનો બુદ્ધિજીવીઓએ કદિ વિચાર કર્યો જ નથી. જનતાની સગવડ આપવામાં પણ કિન્નાખોરી. જનતાની લાગણી સાથેની માંગણી સ્વીકારાય તેવી માંગ કરી છે.

# મોડાસા નાગરિક સહકારી બેંકના ચેરમેન તરીકે કમલેશ પટેલની બિનહરીફ વરણી

મોડાસા નાગરિક સહકારી બેંકના સત્તાધારી નાગરિક પેનલના ચાલુ હોદ્દેદારોની મુદત પૂર્ણ થતા મંગળવારે રાત્રે બેંકના સભાખંડમાં યોજાયેલ ચેરમેન પદ માટેની બેઠકમાં અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના જાણીતા બીલ્ડર અને અરવલ્લી કેડાઈના પ્રમુખ, પૂર્વ કોર્પોરેટર અને વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા સમાજસેવી એવા કમલેશભાઈ પટેલની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. મેનેજીંગ ડિરેક્ટર તરીકે હસમુખભાઈ શાહ (પૂર્વ મેનેજીંગ ડિરેક્ટર અને બેંક મેનેજર) અશોકભાઈ ભાવસારની નિયુક્તિ કરવામાં આવતા તમામ ડિરેક્ટરો અને તેમજ શહેરના અગ્રણીઓએ નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી.





## સુઇ ગામ ખાતે જળ શુદ્ધિકરણ મોબાઇલ વાનનું લોકાર્પણ

સરહદી વિસ્તાર સુઈગામ ખાતે જલસુધ્ધિકરણ મોબાઈલ વાનનું લોકાર્પણ કરાયું હતુ. આ જલશુધ્ધિકરણ મોબાઈલવાન ઈઝરાયલના વડાપ્રધાને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભેટમાં આપ્યું છે. સરહદી વિસ્તાર સુઈગામમાં પાણી ખારૂ હોવાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક વર્ષ પહેલાં ઈજરાઈલ ગયા ત્યારે આ મોબાઈલ વાન દેખ્યું હતું અને એમણે એવું વિચાર્યું હતુ કે આ મારા સરહદી વિસ્તારના લોકોને ત્યાં પણ આવું પાણી રિફાઈન કરવાનું મશીન હોય તો એમને પાણીની તકલીફ ના પડે. તે માટે તેમણે હાલ તો સુઈગામમાં એક મોબાઈલવાનનું લોકાર્પણ કર્યું છે. આ લોકાર્પણ કાર્યક્રમમાં પાણી પુરવઠામંત્રી પરબતભાઈ પટેલ, શંકરભાઈ ચૌધરી, ડીસા ધારાસભ્ય શશીકાંત પંડ્યા, કાંકરેજ ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલા, બનાસકાંઠા જિલ્લા કલેકટર, બનાસકાંઠા જિલ્લા ડી.એસ.પી સહિત બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

# ધાનેરા નગરપાલિકાની ચૂંટણીમાં દરેક વોર્ડમાં લોકલ ઉમેદવાર ચાલશે

### ભાજપમાં વોડ નં. ૬ અને ૭માં મોટા માથાં એક સાથે કેમ ?

ધાનેરા નગરપાલિકાની ચૂંટણી માટે ભાજપ અને કોંગ્રેસ પાર્ટી એ સેન્સ લીધાં છે જેમાં ઉમેદવારની સંખ્યાં વોડમાં- ૨૮ થાય છે પરંતુ દાવેદારો ૨૦૦ ઉપરાંત ફોર્મ ભરાયા છે પાર્ટી નાં હિતો ને દયાન માં લેવામાં આવેતો દરેક વોર્ડમાં લોકલ ઉમેદવારો ચાલશે બહારનાં વોર્ડનાં ઉમેદવારો મુકવામાં આવશે તો પેનલ ધરે આવશે તેવું લોકો માં ચર્ચાઇ રહયુ છે.

બહારનાં વોર્ડનાં ઉમેદવારો ચુંટાયા પછી મોઢું પણ બતાવતા નથી અને કોઈ કામગીરી થતી નથી માટે પાર્ટી પોતે લોકો નાં હિતને દયાન રાખેતો લોકલ ઉમેદવારો મુકે તેવી માંઝ છે ભાજપ માં પણ મોટાં માથાં એક જગ્ગ્યા પેનલ બનાવવાં પડયાં છે તે વિચારે.

# ભાજપ શાસિત પાલનપુર પાલિકાનું વધુ એક કૌભાંડ

# શૌચાલય ગ્રાંટની ઉચાપત કેસમાં લેખિત ફરિયાદથી ચકચાર

### પાલિકા પ્રમુખ, સી.ઓ, સેનિટેશન ચેરમેન-ઇસ્પેક્ટર, ટ્રસ્ટ સહિત ૬ સામે લેખિત ફરિયાદ

કૌભાંડોની પર્યાય બની સતત વિવાદોમાં ચમકી અખબારોની સુરખી બની રહેલી ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાનું વધુ એક કૌભાંડ બહાર આવ્યું છે. પાલનપુર પાલિકામાં શૌચાલય કૌભાંડમાં સરકારી ગ્રાંટની ઉચાપત કરવાના મામલે પાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર, સેનિટેશન ચેરમેન, સેનિટેશન ઈન્સપેક્ટર અને ૨ ટ્રસ્ટના વહીવટદારો સહિત ૬ લોકો સામે પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનએ લેખિત ફરિયાદ થતા ચકચાર મચી જવા પામી છે.




પાલનપુર શહેરના સલેમપુરા દરવાજા બહાર જનતા નગર ખાતે રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા ૩૫ વર્ષીય મહમંદ અલ્તાફઉમરભાઈ મન્સુરીએ પાલનપુર પૂર્વ પોલિસ મથક ના પી.આઈ.ને કરેલી લેખિત ફરિયાદ માં જણાવ્યા મુજબ, ભાજપ શાસિત પાલનપુર પાલિકા દ્વારા નિર્મળ ગુજરાત સ્વચ્છતા અભિયાન અંતર્ગત શૌચાલય બનાવવાની યોજના અમલમાં છે. જેમાં સને-૨૦૧૩-૧૪ માં શહેરના જનતા નગર વિસ્તારમાં સ્થળ પર શૌચાલય બનાવ્યા વિના જ કાગળ પર શૌચાલય બનાવીને કે ગુણવત્તાહીન સર સમાન વાપરી બોગસ દસ્તાવેજ ઉભા કરી શૌચાલયની ગ્રાંટની ઉચાપત કરાઈ છે. આ અંગે જિલ્લા કલેક્ટરએ ડીસા પાલિકાના મુખ્ય અધિકારીને તપાસ સોંપી હતી. જે અહેવાલમાં ગેરરીતિ આચરાઈ હોવાનું બહાર આવ્યું હતું.

ફરિયાદી મહમંદ અલ્તાફઉમર ભાઈ મન્સુરીએ પાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર સહિતના ૬ લોકો સામે એકબીજાના મેળાપીપણાથી સરકારી ગ્રાંટની ઉચાપત કરવા બદલ ગુનો દાખલ કરવા લેખિત ફરિયાદ કરતા પાલિકા વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે.

### પાલિકા પ્રમુખ સહિત ૬ સામે ફરિયાદ

ફરિયાદીએ (૧) પાલિકા પ્રમુખ, (૨) ચીફ ઓફિસર, (૩) સેનિટેશન ચેરમેન, (૪) સેનિટેશન ઈન્સપેક્ટર (૫) સુ.જે.વાઘેલા-વહીવટદાર, નંદભૂમિ ગ્રામવિકાસ ટ્રસ્ટ, પાલિકા સામે, આણંદ અને (૬) વહીવટદાર- કૃપા ટ્રસ્ટ, પાતાલેશ્વર કોમ્પ્લેક્સ, કીર્તિસ્થંભ પાલનપુરવાળાઓ સામે આઈ.પી. સી. ૧૭૧ (ખ), ૪૦૯, ૪૧૮, ૧૨૦(બી), ૪૬૮, ૪૭૭ તથા ધી પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૭, ૧૧, ૧૩ અનવ્યે ગુનો નોંધવા લેખિત ફરિયાદ કરતા કૌભાંડીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# અરવલ્લી જિલ્લાનો પ્રજાસત્તાક પર્વ મોડાસા ખાતે ઉજવાશે

મોડાસા, તા. ૧૮

કલેક્ટરના અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામી ૨૬મી જાન્યુઆરી-૨૦૧૮ પ્રજાસત્તાક પર્વની ઉજવણી મોડાસા ખાતે મ.લા. ગાંધી કોલેજ ખાતે કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ સફળતાથી ઉજવાય તે માટે જિલ્લાના દરેક અધિકારીઓને જવાબદારીઓ સોંપવામાં આવી હતી. જેમાં પ્રચાર-પ્રસારની વ્યવસ્થા, સફાઈ વ્યવસ્થા, સ્ટેજ સુશોભન, ફાયરબ્રિગેડ, વીજપુરવઠો, કલાકારોની વ્યવસ્થા, મંડળે સાઉન્ડના કામગીરીનો સમાવેશ થાય છે.

આ બેઠકમાં કલેક્ટરે જણાવ્યું હતું કે દરેક વિભાગોના ટેબ્લોની કામગીરીની જેવા વિભાગો ટેબ્લો બનાવવાની જવાબદારી પણ સોંપવામાં આવી છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, આદિજાતી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સમાજ સુરક્ષા, પાણી પુરવઠા, વાસ્મો, પશુપાલન ખેતીવાડી, આઈસીડીએસ આરટીઓ, પ્રાથમિક શિક્ષણ, સમાજકલ્યાણ, નગરપાલિકા, કૃષિ સિંચાઈ વિગેરે ટેબ્લો બનાવવાની કામગીરી તેમજ પોલીસ પરેડ ગ્રાઉન્ડ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૨૫ જાન્યુઆરીના દિવસે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી પણ કરવામાં આવનાર છે. આ અંગે યુવા મતદારો વધુમાં વધુ નોંધણી કરે તેવુ મતદાતા દિવસે ઉજવણી કરવામાં આવનાર છે. આ બેઠકમાં કલેક્ટર જિલ્લા વિકાસ અધિકારી, નિવાસી અધિક કલેક્ટર, પ્રાંત અધિકારી, મોડાસા પ્રાંત અધિકારી બાયડ, જિલ્લા આયોજન અધિકારી, પોલીસ અધિક્ષક, વન સંરક્ષક અધિકારી તેમજ જિલ્લાના તમામ અધિકારીઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતાં.



## ભિલોડા તાલુકાના ખેરંચા ગામમાં ક્રિકેટ ટુનર્મિન્ટ યોજાઈ

ભિલોડા તાલુકાના ખેરંચા ગામમાં સુર્યા ફાઉન્ડેશન ધ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી.સુર્યા ફાઉન્ડેશન ધ્વારા સંચાલિત આદર્શ ગ્રામ યોજના,સુર્યા યુથ કલબ આયોજીત સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ આયોજન કરાયું હતું.સ્પોર્ટ્સના માધ્યમથી યુવાનોમાં યુવાની દરમ્યાન પરીવર્તન આવે દેશ પ્રત્યે જાગૃત રહે તેવા મુખ્ય ઉદેશ સાથે સુર્યા ફાઉન્ડેશન ધ્વારા સુર્યા એકલવ્ય સૈનિક સ્કુલ,ખેરંચા સહિત આજુ-બાજુના ૧૦ ગામોની ૧૦ ટીમએ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો.ક્રિકેટ ટુર્નામેન્ટમાં કુશ્કી ગામની ટીમ વિજેતા જાહેર કરાતાં આનંદની લાગણી પ્રસરી હતી.સુર્યા ફાઉન્ડેશન ચેરમેન જય પ્રકાશજી,આદર્શ ગ્રામ યોજના ગુજરાત પ્રાંત પ્રમુખ વિષ્ણુંભાઈ દેસાઈ,કાર્યકરોએ યશભાઈ,રાહુલભાઈ, મેહુલભાઈ સહિત ક્રિકેટ ટીમના યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.

## થરાદના દિદરડા ગામે ૨૦ વર્ષીય યુવકની હત્યા

થરાદ તાલુકાના દિદરડા ગામના ૨૦ વર્સીય યુવક હિરજીભાઈ રામજીભાઈ પટેલ નામનો યુવક પોતાના ખેતરમાં બનાવેલ ઓરડીએ સૂતો હતો ત્યારે રાત્રી દરમિયાન યુવકનું કોઈ અજાણ્યા યુવકે મર્ડર કરી લાઈટના થાંભલે બાંધી દેતા સવારે પરિવારજનોને ખબર પડતા પરિવારજનોએ થરાદ પોલીસ મથકે જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી.




મોડાસા લાયોનેસ ક્લબની ઉત્તરાયણ પર્વની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં વસવાટ કરતા ગરીબ પરિવારોને બોર, ચીક્કી, ઉંધીયું, જલેબીના ફૂડ પેકેટ તૈયાર કરી વહેંચવાની સાથે પતંગ-દોરી અને કડકડતી ઠંડીમાં બાળકો-મહિલાઓને રક્ષણ મળી રહે તે માટે કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યમાં મોડાસા નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, લાયોનેસ ક્લબના ડૉ. દીપ્તિબેન, ક્લબ પ્રમુખ જયશ્રીબેન, લતાબેન પંચાલ, મંજુલાબેન અને જીગીશાબેન જોડાયા હતા.

## ધાનેરાની ગુરૂકુળ વિદ્યાલયમાં સ્વચ્છ ભારત અભિયાન કાર્યક્રમ યોજાયો

ધાનેરામાં ગુરૂકુળ વિદ્યાલય માં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં બાળકો દ્વારા સફાઈ કરવામાં આવી હતી.

ડો.આંબેડકર એજ્યુકેશન એન્ડ વેલફર ટ્રસ્ટ ધાનેરા સંચાલિત શ્રી એમ કે વાઘેલા ગુરૂકુળ વિદ્યાલય ધાનેરા ખાતે ભારત સરકાર ના સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં બાળકો તથા શાળા ના સ્ટાફ અને ટ્રસ્ટીઓ દ્વારા પણ સફાઈ કરી સ્વચ્છ ભારત અભિયાન નો ભાગ ભજવ્યો હતો.

# ગણપત યુનિવર્સિટીના આંગણે નેશનલ કન્વેન્શન અને ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું બે દિવસીય આયોજન

### ફાર્મસીના વિવિધ વિષયો ઉપર અભ્યાસ-સંશોધન કરતા ૫૦૦થી વધુ સ્કોલર્સ ઉપસ્થિત રહેશે : ૨૦૦ પેપર્સ રજુ થશે

ગણપત વિદ્યાનગર, તા. ૧૮

સોસાયટી ઓફ ફાર્મા કોન્ગોસીનું ૨૨મું નેશનલ કન્વેન્શન અને આયુર્વેદ અને હર્બલ ઔષધોના ઈન્ટિગ્રેશન વિષેની એક ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આગામી તા. ૨૦ અને ૨૧મી જાન્યુઆરી દરમિયાન ગણપત યુનિવર્સિટીના આંગણે ભવ્ય આયોજન થઈ રહ્યું છે.

ગણપત યુનિવર્સિટીની શ્રી એસ.કે. પટેલ કોલેજ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ અને દેશની આ ક્ષેત્રની એક બહુ મહત્વની અને મોટી સંસ્થા 'સોસાયટી ઓફ ફાર્માકોગ્નોસી'ના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહેલી આ નેશનલ અને ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં મોટી સંખ્યામાં ફાર્મસી જ્ઞાન-શાખાના અભ્યાસુઓ-સંશોધકો ઉપસ્થિત રહેશે. જેમાં કિ-નોટ સ્પિકર અને કર્ણાટકની કેએલઈ યુનિ.ના પૂર્વ વાઈસ-ચાન્સેલર પ્રો. ડૉ. ચંદ્રકાંત કોકાટે, ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. શૈલેન્દ્ર સરાફ, લંકાના કોલંબોની ઈન્ડ. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટના પ્રિન્સિપાલ રિસર્ચ સાયન્ટિસ્ટ ડૉ. ટી.ડી.સી. એમ.કે. વિજય સિરિવાર દેના આઈસીએમઆર, ન્યુ દિલ્હીના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ડૉ. શ્રીમતી નીરજ ટંડન જેવા અનેક નિષ્ણાતોનો સમાવેશ થાય છે. આ મહેમાન મહાનુભાવોની સાથે આપણી રાજ્ય સરકારના ડ્રગ કમિશનર હિંમત કોશિયા તથા યુનિ.ના ડાયરેક્ટર જનરલ ડૉ. મહેન્દ્ર શર્મા અને અન્ય મહાનુભાવો પણ વિદ્વાનોની આ સભામાં સહભાગી બનશે.

ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ, પંજાબ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, કાશ્મીર અને હરિયાણા સહિત વિવિધ રાજ્યોના ૫૦૦થી વધુ વિદ્વાન રિસર્ચ-સ્કોલર્સ આ નેશનલ કન્વેશન અને ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં હાજર રહી ફાર્મસી ક્ષેત્રના વિવિધ વિષયો ઉપર ચાલનારા જ્ઞાન-સંવાદમાં સહભાગી બનશે. ૨૦૦ જેટલા રિસર્ચ-પેપર્સ પણ આ બે દિવસના જ્ઞાનોત્સવ અવસરે રજુ થશે.

ગણપત યુનિવર્સિટીના નવા અને આધુનિક ઓડિટોરિયમમાં તા. ૨૦મીની સવારે ૧૦ વાગે સોસાયટી ઓફ ફાર્મા કોન્ગોસીના ૨૨મા નેશનલ કન્વેશનનું તેમજ 'ઈન્ટિગ્રેટિંગ આયુર્વેદા એન્ડ હર્બલ ડ્રગ્સ ફોર નેકસ્ટ નરેશન થેરાપ્યુટિક્સ એન્ડ સપ્લિમેન્ટસ : એપોચ્યુનિટિઝ એન્ડ એલેન્જિસ' વિષય ઉપરની ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન થશે તો ૨૧મી તારીખે સાંજે તેનું સમાપન યોજાશે.

પોસ્ટર ડિસપ્લે અને એક્ઝિબિશન સહિત કુલ સાત જેટલા પ્લેનરી સેશન્સ યોજાશે. જેમાં લખનઉની એનબીઆરઆઈના પ્રિન્સિપાલ સાયન્ટિસ્ટ ડૉ. શરદ શ્રીવાસ્તવા, મુંબઈની એન્ડ્રોમ ઈન્ડિયા પ્રા.લિ.ના ડાયરેક્ટર ડૉ. અક્ષય આરેગાંવકર, મુંબઈની પોદાર મેડિકલ કોલેજ (આયુ)ના ડૉ. શ્રીરામ શેષગીર સાવરીકર તેમજ ગ્રીસના એથેન્સ શહેરના હોલિસ્ટિક હેલ્થ સેન્ટરના ડૉ. નિકોલાઓસ કોસ્ટોપૈલસ સહિત અનેક નિષણાતો ફાર્મસી અભ્યાસ-સંશોધનના પોતપોતાના વિષય ઉપર લેકચર આપી ઉપસ્થિત અભ્યાસુઓને જ્ઞાન-માર્ગદર્શન આપશે.

આ કન્વેશન અને ઈન્ટરનેશનલ કોન્ફરન્સના સફળ આયોજન માટે ગણપત યુનિ.ની સાયન્સ ફેકલ્ટીના ડીન અને ફાર્મસી કોલેજના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. આર.કે. પટેલ તેમજ તેમના સાથી ડૉ. પી.યુ. પટેલ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.